પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૪૩ | ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૩, શનિવાર; ફાગણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# અમૃતકાળનું આત્મનિર્ભર અંદાજપત્ર

## ગુજરાતના ૩.૦૧ લાખ કરોડના બજેટમાં કોઇ ટેક્સ નહીં, કોઇ રાહત નહીં : નાણામંત્રીએ રજૂ કરેલા ૨૦૨૩-૨૪ના વર્ષના બજેટમાં સૌથી વધુ ૪૩૬૫૧ કરોડ રૂપિયા શિક્ષણ પાછળ ખર્ચાશે, કૃષિ સેવાઓ માટે ૨૧૬૦૫ કરોડ : પાંચ સ્તંભના પાંચ વર્ષના વિઝન પાછળ ૧૫ લાખ કરોડના ખર્ચનો વાયદો

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જાહેર કરેલા વર્ષ ૨૦૨૩-૨૪ના સામાન્ય બજેટનું કદ ૩.૦૧ લાખ કરોડ રાખ્યું છે, જે ગયા વર્ષ કરતાં ૨૩ ટકા વધુ એટલે કે ૫૭ લાખ રૂપિયા વધારે છે. રાજ્યના ૨૫ વિભાગો પૈકી શિક્ષણ વિભાગને સૌથી વધુ ૪૩૬૫૧ કરોડ ફાળવવામાં આવ્યા છે, રાજ્ય સરકારે કૃષિ વિભાગ માટે ૨૧૬૦૫ કરોડની ફાળવણી કરી છે.

ભાજપની સરકારે ચૂંટણી ઢંઢેરા વખતે જે વચન આપ્યું હતું તે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દર્દીઓને મળતી પાંચ લાખની સહાય વધારી ૧૦ લાખની કરી છે. આરટીઈ હેઠળ ભણેલા પ્રતિભાશાળી વિદ્યાર્થીને ધોરણ-૮ પછી ૨૦,૦૦૦નું વાઉચર અપાશે.

આગામી વર્ષના બજેટમાં શહેરી વિકાસ માટે નાણાંમંત્રીએ ૧૯,૬૮૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ૧ લાખથી વધુ લોકોને આવાસ પૂરા પાડવા ૧૦૬૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં પહેલીવાર એસઆરપીમાં મહિલા બટાલિયન ઉભી કરાશે. આ બજેટમાં સરકારે કોઈ નવો કર નાંખ્યો નથી કોઈ નવી કરરાહત આપી નથી.

### વિવિધ વિભાગોને નાણાંની ફાળવણી....

- માર્ગ અને મકાન વિભાગ માટે કુલ ૨૦,૬૪૨ કરોડ
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ માટે કુલ ૧૯,૬૮૫ કરોડ
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર માટે કુલ રૂ. ૨૧,૬૦૫ કરોડ
- ગૃહ વિભાગ માટે કુલ ૮૫૭૪ કરોડ
- કાયદા વિભાગ માટે ૨૦૧૪
- મહેસૂલ વિભાગ માટે કુલ ૫૧૪૦ કરોડ
- સામાન્ય વહીવટ વિભાગ માટે ૧૯૮૦ કરોડ
- માહિતી અને પ્રસારણ વિભાગ માટે ૨૫૭ કરોડ
- વન અને પર્યાવરણ વિભાગ માટે ૨૦૬૩ કરોડ
- પ્રવાસન માટે ૨૦૭૭ કરોડ
- ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ ૮૫૮૯ કરોડ
- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ ૨૧૯૩ કરોડ
- પાણી પુરવઠા પ્રભાગ માટે ૬૦૦૦ કરોડ
- જળસંપત્તિ પ્રભાગ માટે ૯૭૦૫ કરોડ
- બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે ૩૫૧૪ કરોડ
- રમતગમત, યુવા પ્રવૃત્તિઓ વિભાગ માટે ૫૮૬ કરોડ
- મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ૬૦૬૪ કરોડ




આ બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એજ્યુકેશન, હેલ્થ તેમજ ગ્રીન ગ્રોથ પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના આગામી પાંચ વર્ષમાં માનવ સંસાધનનો વિકાસ કરવા, રાજ્યમાં અન્ય સવલતો ઉભી કરવા સહિતના વિઝનનો પણ આ બજેટમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૨૦૨૩-૨૪માં સરકારની મહેસૂલી આવક ૨,૦૭,૭૦૯ કરોડ રૂપિયા રહેશે તેવો અંદાજ સરકારે વ્યક્ત કર્યો છે, જેની સામે મહેસૂલી ખર્ચ ૧,૯૮,૬૭૧ કરોડ રૂપિયા રહેશે. આમ, આગામી વર્ષનું બજેટ મહેસૂલી હિસાબ પર ૯,૦૩૮ કરોડની પૂરાંત ધરાવતું હશે. લોન અને પેશગી સહિતનો મૂડી ખર્ચ ૯૭,૯૦૨ કરોડ રૂપિયા રહેશે, જ્યારે મૂડી હિસાબ પરની ખાધ ૧૨,૨૭૧ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે.

૨૦૨૩-૨૪ના બજેટમાં શિક્ષણ વિભાગને ૪૩,૬૫૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જેના હેઠળ મિશન સ્કુલ્સ ઓફ એક્સલન્સ અંતર્ગત માળખાકિય અને અન્ય સુવિધાઓ માટે રૂ. ૩૧૦૯ કરોડની જોગવાઈ કરાઈ છે. જ્યારે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી ૧૨ સુધીનું શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત શિક્ષણ વિનામૂલ્યે મળે તે માટે સામાજિક ભાગીદારી સાથે ઉચ્ચસ્તરીય સુવિધા ધરાવતી ૪૦૦ જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે કુલ ૬૪ કરોડની

● અનુસંધાન પાન-૭ પર







### બજેટમાં ગાંધીનગર

ગાંધીનગર, તા. ૨૪

આજે રાજ્યના રજુ થયેલા અંદાજપત્રમાં ગિફ્ટસીટીમાં ફિન-ટેક હબ સ્થાપવાની મહત્વની જાહેરાત સાથે રૂ. ૭૬ કરોડની જાહેરાત નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ કરી છે.

પાટનગર યોજના માટે રૂ. ૩૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં જે વિકાસ કામો સ્પીલ ઓવર થયા છે તે સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં સંત સરોવરથી ગિફ્ટીસીટી નજીક રિવર ફ્રન્ટ ડેવલપ કરવા માટે રૂ. ૧૫૦ કરોડ તેમજ સાબરમતી નદી પર સીરીઝ ઓફ બેરેજ બાંધવા માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ભૂટાનની મુલાકાત લેનારને ટેક્સ ફ્રી સોનાની ઓફર

નવી દિલ્હી, તા.૨૪

હિમાલયના ખોળામાં આવેલું ભુટાન તેની સુંદરતાને કારણે પણ પ્રસિદ્ધ છે અને પ્રવાસીઓ વચ્ચે તે પસંદગીનું ટુરિસ્ટ ડેસ્ટિનેશન પણ છે. જોકે આ વખતે ભુટાન એક નવા અહેવાલને કારણે ચર્ચામાં છે. તાજેતરના અહેવાલ અનુસાર ભુટાનની સરકાર દ્વારા ટુરિઝમને પ્રોત્સાહન આપવા માટે એક મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. જેમાં ભુટાનની મુલાકાતે આવનારા ટુરિસ્ટને ટેક્સ ફ્રી સોનું ખરીદવાની ઓફર કરવામાં આવી છે.

## યુક્રેન-રશિયા યુદ્ધને અટકાવવા યુનોમાં બહુમતીથી પ્રસ્તાવ પસાર

### યુક્રેન પર રશિયાના હુમલાને એક વર્ષ થયું : ૧૯૩ સભ્યો ધરાવતી યુએનજીએમાં મતદાન દરમિયાન ૧૪૧ સભ્ય દેશોએ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું

વોશિંગ્ટન, તા.૨૪

યુક્રેન પર રશિયાના હુમલાને એક વર્ષ પૂરું થાય તે પહેલાં સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં આ યુદ્ધને અટકાવવા માટે પ્રસ્તાવ લવાયો હતો. આ પ્રસ્તાવને ભારે બહુમતથી પસાર કરાયો હતો. તેમાં રશિયા સમક્ષ યુક્રેનમાં દુશ્મનાવટનો અંત લાવવા અને તાત્કાલિક ધોરણે સૈન્યને પાછું બોલાવી લેવા અપીલ કરાઈ હતી.

૧૯૩ સભ્યો ધરાવતી યુએનજીએમાં મતદાન દરમિયાન ૧૪૧ સભ્ય દેશોએ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું. જ્યારે ૭ સભ્ય દેશોએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. જોકે મતદાન દરમિયાન ૩૨ સભ્ય દેશો ગેરહાજર રહ્યા હતા જેમાં ભારત અને ચીન પણ સામેલ હતા. રશિયા, બેલારુસ, ઉ.કોરિયા, ઈરીટ્રિયા, માલી, નિકારાગુઆ અને સીરિયા આ પ્રસ્તાવ વિરુદ્ધ મતદાન કરનારા દેશોમાં સામેલ હતા.

આ પ્રસ્તાવમાં બને તેટલી ઉતાવળે સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરના સિદ્ધાંત અનુસાર યુક્રેનમાં એક વ્યાપક, ન્યાયસંગત અને કાયમી શાંતિ સ્થાપિત કરવાને રેખાંકિત

● અનુસંધાન પાન-૭ પર

## ૨૦૦૭ના અટવાયેલા પ્રોજેક્ટ મામલે મોદીએ અધિકારીઓનો ઉધડો લીધો

નવી દિલ્હી, તા.૨૪

પીએમ મોદીએ બે દિવસ અગાઉ પ્રગતિ રિવ્યૂ બેઠકનું નેતૃત્વ કર્યું હતું. તેમાં દેશમાં ચાલી રહેલા ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ વિશે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી. આ દરમિયાન તેમના ધ્યાને એક એવો પ્રોજેક્ટ આવ્યો જેને મંજૂરી ૨૦૦૭માં મળી ગઈ હતી અને ૨૦૧૨માં આ પ્રોજેક્ટ પૂરો પણ થઈ જવો જોઈતો હતો છતાં અત્યાર સુધી આ પ્રોજેક્ટ અટવાયેલો રહેતા પીએમ મોદી અકળાયા હતા. તેમણે અધિકારીઓનો ઉધડો લઈ નાખ્યો.

આ પ્રોજેક્ટને મંજૂરી મળવાથી લઈને અત્યાર સુધીમાં લગભગ ૧૫થી ૧૬ વર્ષનો વિલંબ થઈ ચૂક્યો છે. જેના લીધે તેની પાછળ થનારો ખર્ચ પણ હવે

● અનુસંધાન પાન-૭ પર

CARGO Walk In Interview JAWA

આવો કાર્ગો મોટરસાયકલ્સ સાથે ઉજ્જવળ ભવિષ્ય બનાવો...

ટુ વ્હીલર્સ ના અગ્રગણ્ય નિર્માતા જાવા ના આર્થોરાઈઝ્ડ ડિલર ને ગાંધીનગર માટે ઉત્સાહી, મહેનતુ, પ્રામાણિક અને પરિણામલક્ષી સ્ટાફની નિમણુંક કરવાની છે

- સેલ્સ એક્ઝિક્યુટિવ -3 ફ્રેશર્સ અને અનુભવી
- ટેકનીશીયન - ITI, ફ્રેશર્સ અને અનુભવી
- સર્વિસ એડવાઈઝર ૧+ વર્ષના અનુભવી રૂા. ૧૬૫૦૦ સેલરી
- સર્વિસ મેનેજર - 3+ વર્ષના અનુભવી
- સ્પેર પાર્ટસ ઈનચાર્જ - ૧+ વર્ષના અનુભવી

કોઈપણ ટુવ્હીલર ક્ષેત્રના જાણકાર ને પ્રથમ પસંદગી

ઉપરની લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૫/૦૨/૨૦૨૩
સમયઃ સવારે ૧૦ થી સાંજના ૬ સુધીમાં,
નીચેના સરનામે બાયોડેટા તથા પાસપોર્ટ સાઈઝ ફોટો સાથે રૂબરૂ મળવું

કાર્ગો મોટરસાયકલ્સ એલએલપી

પ્લોટ નંબર ૧૩,સેકટર -૩૦, જીટીએસ રોડ, ગાંધીનગર-૩૮૨૦૩૦
મો.: 9909907731 । ઇ-મેઇલ: hr@cargomoto.in







